॥ જય શ્રી પ્રગટ પુરુષોત્તમ ॥



# આરતી



જયસદ્ગુરૂ સ્વામી, પ્રભુ જયસદ્ગુરૂ સ્વામી ટેક
સહજાનંદ દયાળું, ... (૨)
બળવંત બહુનામી, પ્રભુ જયસદ્ગુરૂ સ્વામી.

ચરણ સરોજ તમારાં, વંદુ કર જોડી... પ્રભુ વંદુ..(2)
ચરણે શીશ ધર્યાથી... (૨)
દુઃખ નાખ્યા તોડી, પ્રભુ જયસદ્ગુરૂ સ્વામી. ૧

નારાયણ નર ભ્રાતા, દ્વિજ કુળ તનુધારી... પ્રભુ દ્વિજ..(2)
પામર પતિત ઉદ્ધાર્યાં... (૨)
અગણિત નરનારી, પ્રભુ જયસદ્ગુરૂ સ્વામી. ૨



નિત નિત નૌતમ લીલા, કરતા અવિનાશી... પ્રભુ કરતા..(૨)
અડસઠ તીરથ ચરણે... (૨)
કોટી ગયા કાશી, પ્રભુ જયસદ્ગુરૂ સ્વામી. ૩

પુરુષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે... પ્રભુ જે...(2)
કાળ કર્મથી છૂટી... (૨)
કુટુંબ સહિત તરશે, પ્રભુ જયસદ્ગુરૂ સ્વામી. ૪

આ અવસર કરૂણાનિધિ, કરૂણા બહુ કીધી, વાલે..(2)
મુક્તાનંદ કહે મુક્તિ... (2)
સુગમ કરી સીધી, પ્રભુ જયસદ્ગુરૂ સ્વામી. ૫

# આરતી

12 MONDAY 12-353

દયા કરીને દર્શન દો હો નમન કરૂ, મહારાજ (૨)
વાલા નમન કરૂ, મહારાજ

જરકશીયા તમે આજ બનીને --- (૨)
સુધાર્યાં સરવે કાજ, વાલા સુધાર્યાં સરવે કાજ
દયા કરીને...... ૧

મુખડું જોઈને મોહીની લાગી.... (૨)
શી કહું શોભા આજ, વાલા શી કહું શોભા આજ.
દયા કરીને....... ૨

Evening

મુરતી આવી મનમાં ધારૂં.....(૨)
મેટાડવાને દાઝ, વાલા મેટાડવાને દાઝ
દયા કરીને...... ૩

13 TUESDAY 13-352

આવાને આવા ઉરે ઉતારૂં.... (૨)
મહેર કરો શીરતાજ, વાલા મહેર કરો શીરતાજ
દયા કરીને....... ૪

વિનયથી વાલા વિનંતી કરૂં હું... (૨)
વહેલા આવો મુનીરાજ, વાલા વહેલા આવો મુનીરાજ
દયા કરીને...... ૫

Evening

॥ જય શ્રી પ્રગટ પુરૂષોત્તમ ॥

# આરતી

WEDNESDAY 14 14-351

નારાયણ મુની પ્રભુ (૨) આરતી પ્રગટ પ્રભુ
દર્શન વિણ સુની - નારાયણ મુની - ટેક

અક્ષરમાંથી આવ્યા, કરવા જીવ સુખીયા (૨) પ્રભુ
સરવે સંકટ હરશે, શા માટે દુઃખીયા - નારાયણ મુની - ૧

બ્રહ્મવિદ્યાની શાળા, ભાદરણમાં ચાલે (૨) પ્રભુ
ભેગી ભોગી રોગી, અક્ષરમાં મહાલે - નારાયણ મુની - ૨

આલોકે પણ શાંતિ, તન દ્વારા ધનકું (૨) પ્રભુ
પ્યારા ઉપર પ્રીતી, મુરતિમાં મનકું - નારાયણ મુની - ૩

THURSDAY 15 15-350

સુખનો સાધું ભરીયો, જે જેની શક્તિ (૨) પ્રભુ
જેને જેવી શ્રદ્ધા - છે તેવી ભક્તિ - નારાયણ મુની - ૪

સુખ દુઃખમાં ના ભૂલતાં, રાજી મહારાજ (૨) પ્રભુ
વર આપે છે વહાલો, રહો સાજા તાજા - નારાયણ મુની - ૫

ઝાઝું શું સમજવું, અહીંથી સમજશો (૨) પ્રભુ
દયાભાઈ જય નારાયણ, ભજતાં સુખ પાશો -
નારાયણ મુની. ૬

Evening

જય શ્રી પ્રગટ પુરુષોત્તમ

# આરતી



16 FRIDAY 16-349

જય પુરુષોત્તમ સ્વામી, પ્રભુ જય પુરુષોત્તમ સ્વામી,
શાહપુર ધામે પ્રગટ્યા, અક્ષરભુવનમાં વસીયા..,
પુરણ પ્રતાપી... જય પુરુષોત્તમ સ્વામી.

મુની મહારાજની સેવા, ભાદરણમાં કીધી (2) પ્રભુ
પ્રભુ પ્રસન્ન કરીને...(2)
પ્રભુ પદવી લીધી.... જય પુરુષોત્તમ સ્વામી.

શહેરી જનોના સુખ કાજે, અમદાવાદમાં આવ્યા (2) પ્રભુ
જેને જેવી રુચિ...(2)
તેવી લીલા કરી... જય પુરુષોત્તમ સ્વામી.

ખાતા પીતા સુતા, સર્વ ક્રિયામાં સાથે (2) પ્રભુ
સહેજે દર્શન આપી...(2)

17 SATURDAY 17-348

મુરતિ ઉર સ્થાપી... જય પુરુષોત્તમ સ્વામી.

સુંદર સાદા શ્વેત વસ્ત્રો, નિત્ય નિત્ય ધારંતા (2) પ્રભુ
સોળે શણગાર સજીને...(2)
સમૈયે સોહંતા.... જય પુરુષોત્તમ સ્વામી.

અંતે અતાં પ્રેમે વ્હાલે પ્રતિમા આપી (2) વ્હાલે પ્રેમે....
દર્શન એનું કરતાં, પૂજન એનું કરતા, ત્રિવિધ તાપ ટળે
જય પુરુષોત્તમ સ્વામી.

જય શ્રી પુરુષોત્તમ જે જન, પ્રેમેથી વદશે..(2) પ્રભુ
અજ્ઞાન તેનું ટળીને...(2)
અંતર શુદ્ધ થાશે... અક્ષર સુખ મળશે.

18 SUNDAY 18-347

જય પુરુષોત્તમ સ્વામી.

ॐ

"જય શ્રી પ્રગટ પુરુષોત્તમ"

MONDAY 19-346 19

શોભો છો શ્યામ તમે સારા રે... શોભો છો શ્યામ તમે સારા..
દીનબંધુ દીન નાથ દયાળુ પુરૂષોત્તમ પ્યારા.. (2)

પૂર્વનું પુણ્ય પ્રગટ થયું રે... પૂર્વનું પુણ્ય પ્રગટ થયું...
આપને ઓળખ્યાથી જે પાપ હતું તે દૂર થયું...(2)

બાકરોલમાં સંઘ ભરાયો ભારી રે... બાકરોલમાં....(2)
જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તે તો પ્રગટ કરી સારી...(2)

સમાધી, ધ્યાન, ભજન થાય રે, સમાધી ધ્યાન ભજન થાય
જે જન આવે શરણે તમારે તેના દુઃખ ભય...(2)

TUESDAY 20-345 20

દર્શને સૌ જનો ચાલુ રે, દર્શને સૌ જનો ચાલુ.
સેવક બાપુલાલ કહે છે આનંદ મને આપો...(2)

## પ્રાર્થના

ધર્મકુંવર હરિ કૃષ્ણજી તમે ભક્ત પતિ ભગવાન, એ વર માગું છું
દયા નિધિ તમે દાસને નિત આપો છો એ દાન, ॥
નિરવિકલ્પ ઉત્તમ અતિ એવો નિશ્ચયથાય તમારો, ॥
અલબેલા તમ આગળે હું અરજ કરૂં આ સારું, ॥
મહાત્મ્યજ્ઞાને સહિત હરિ એવી એકાંતિક જે ભક્તિ ॥
પ્રીત રહો તમ ચરણમાં બીજે રહો સદા વિરક્તિ ॥

## 21 WEDNESDAY
21-344

હું માં તમારું ભક્તપણું, હરિ એમાં કોઈ પ્રકાર,
એ વર માગું છું.
દોષ ન રહે કોઈ ભક્તનો એ આપો ધર્મકુમાર, ॥
તમારા કોઈ ભક્તનો મારે દ્રોહ ક્યારે નવ થાય, ॥
સંગ એકાંતિક ભક્તનો મને નિત્ય આપો મુનિરાય, ॥
દાસ તમારા દાસનો મને રાખો નાથ હજૂર, ॥
પ્રેમાનંદની વિનંતી સાંભળજો શ્યામ જરૂર, ॥

Evening

અમે તમારા તમે અમારા પુરુષોત્તમ ભગવાન, ॥
ધર્મકુવર શ્રીપુરુષોત્તમ તમે અક્ષરાતીત ભગવાન, ॥

## 22 THURSDAY
22-343

સૌ સંતોની વિનંતી સાંભળજો શ્યામ જરૂર ॥

(રાગ: ધાડી) ॥ જય શ્રી પ્રગટ પુરુષોત્તમ ॥

સકળ જગત કરણ ધરણ ધારનારા,
અકળ વિકળ પ્રબળ શરણ રાખનારા;
અજબ ગજબ ગરવ સરવ પળનારા,

Evening

નમન નમન નમન નાથ હે
પ્રગટ પ્રભુજી હમારા ........ ૧

# પ્રાર્થના



(રાગ: ધર્મકુંવર હરિકૃષ્ણજી તમે........)

FRIDAY 23
23-342

ધર્મ ભક્તિ સુત પ્રગટ પુરુષોત્તમ ભગવાન, તમને વિનવું છું.
કરુણાનિધિ તમે ભક્ત વત્સલ ભગવાન, "
સર્વોપરિ નિશ્ચયમાં નિત્ય વર્તાય, તમને વિનવું છું
અતિ એકાંતિક સત્યપુરુષનો સંગ, " "
પંચ વર્તમાને સહિત દૃઢ ભક્તિ થાય, " "
અંતરશત્રુ જીતવામાં કરજો સહાય, " "
કુસંગ સત્સંગનો દૂર પળાય, " "
શિક્ષાપત્રી-વચનામૃત પ્રમાણે વર્તાય, તમને વિનવું છું.

SATURDAY 24
24-341

મુક્તની શિક્ષાપત્રીમાં અર્થો સમજાય, " "
જન્મો જનમની કસર સર્વે ટળી જાય, " "
સ્વામી સેવક ભાવે કોંઈ ટળી ના જાય, " "
તમ સેવા પ્રસન્નતાનો વર પમાય, " "
અંત સમે નિર્ગુણ-નિર્વાસનિક રહેવાય, " "
દાસ સેવકની (અંજુભાઈની)
અરજીનો અમલ થાય તમને વિનવું છું.

25-340 • 25 SUNDAY

~~~~~ ૐ ~~~~~ ૐ ~~~~~

|| જય શ્રી પ્રગટ પુરુષોત્તમ ||
~~~~~

# પ્રાર્થના

## 26 MONDAY 26-339

મોટા પ્રભુ હે ભક્ત વત્સલ, પ્રસન્ન થાજો બાપલા,
વાણી ગુણાનુંવાદ કરજો, જીભ જપજો અપલા.
કિર્તન કથાદિ શ્રવણ કરવા, કરણ શ્રદ્ધા આપજો,
આ આંખડી દર્શન તમારાં, દાસનાં વળી રાખજો;
સેવા તમારી હાથ કરજો, પાય તીરથ ચાલજો,
મસ્તક નમો તમને સદાએ, મન ચરણમાં મહાલજો;
હે પ્રગટ પુરુષોત્તમ તમે જે, અનાદિ મૂરતી,
Evening
માગું તમારી પાસ વર એ, આપજો કરી સૂરતી.

:ૐ:

॥ જય શ્રી પ્રગટ પુરુષોત્તમ ॥

## 27 TUESDAY 27-338

### સ્તુતિ

ઓ પુરુષોત્તમ તમે પ્રગટ થયા અમદાવાદની માંય,
અક્ષરભુવન બંધાવીયું, સમૈયા ભરવા કાજ.
મુક્તજનો પોતાના હતાં, હતા ભક્તિમાં ભરપુર,
સાથે લાવી વસાવિયા, સુખ આપ્યુ અતુલિત.
હરતાં ફરતાં બેસતાં, સર્વ ક્રિયામાં સાથ,
Evening
સહેજે દર્શન આપીને, મુરતિ કરાવી દઢિંગ
સદરો ધોતી પહેરતા, સાદો રાખતા વેશ,
વાણી વર્તન વહાલ ભર્યાં, પળે પળે વિવેક.

WEDNESDAY 28
28-337

ક્યારેક ઝભ્ભો રેશમી, પિતામ્બર સોનેરી કોર,
કાશ્મીરી ટોપી પહેરતા, લાગે શામળશા શેઠ.

જમણે હાથે પહેરતા, કુંદન કડાં ને વેઢ;
ડાબે ઘડિયાળ શોભતી, વીંટી હીરા જડિત,

આસનવાળી બેસતા, શોભે છત્ર પલંગ,
ધ્યાન ધરતાં આપનું, તાપ ટળે ત્રિવિધ.

Evening

એવા પૂર્ણ પ્રગટ પ્રભુને કરું વિનંતી એમ,
ભુલચુક અવગુણ હોય તો, હે પ્રભુ કરજો માફ.

દીનબંધુ દીનાનાથ તમે, છો કૃપાસિંધુ કૃપાળ,

THURSDAY 29
29-336

ભૂલ્યા ભટક્યા હોઈએ, ઠપકો દેજો ખાસ.

મન મર્કટને મારવા, આપજો ધ્યાનનું અંગ,
સત્સંગી જન સર્વે પ્રતિ, ના આવે અવગુણ.

એવી સ્થિર મતિ આપજો, દેજો સાચી સમજ,
જ્યારે જ્યારે જન્મ ધરો, રાખજો આપની પાસ.

દેહાભિમાન ટાળીને, કરજો પૂર્ણ કલ્યાણ
વેગ વાળી ભક્તિ કરાવી, વહેલા ઉતારજો પાર.

Evening

॥ જય શ્રી પ્રગટ પુરુષોત્તમ ॥

# નિત્ય ધ્યાન સ્તુતિ

30 FRIDAY 30-335

8 જય જય સ્વામી, અંતર ભમી, ગરૂડાગામી,
10 પુરણકામી, અનંત નામી, અક્ષરધામી
11 પુરૂષોત્તમ ને.... (૨)
1 નમન હમારા, વારંવારા, દુઃખ હરનારા,
2 ભવજળ પારા, અમે તમારા, તમે અમારા...... (૨)
4 સદા કાળ સંગાથે રહેજો, ભુલચુકમાં ટપકો દેજો.. (2)
6 સોનેરી શીર પાઘ ધરીને, તોરા લટકે, ઝગમગ ઝળકે,
Evening બેને પાસે, ખાતા ઝોલા, હીલન ડોલા.... (૨)
શ્વેત કપોળે, ચંદન ખોરે, લાલ ચાંદલે,

31 SATURDAY 31-334 કાળી ભ્રમર, લાગે સુંદર, ભ્રકુટી પાસે ગુંજ મનોહર.. (૨)
9 નેણાં કાળી, પાંપણની બે હાર રૂપાળી,
11 મુરતી લાગે કામણગારી, નાસિકાની શોભા સારી...(2)
1 લાલ ટીબકડી, દીસે રૂડી, જમણે ગાલે, નીરખું વહાલે,
2 કાને કડીઓ, નંગે જડીઓ, લીલમ લળકે,
4 ઝગમગ ઝળકે, લવીંગડાં બુટ્ટીનાં ભાળી
5 મૂખ નીરખી, હૈડે હરખી, હોઠ અનુપમ.
Evening વદન કમળની શોભા ઉત્તમ, દંત રૂપાળા ખીતસીયાળા...(2)

1 SUNDAY 32-333
દાડમ બીજ પકી જ રૂપાળા, ચીબુક શોભા,
ઝાક ઝમાળા, મખમલ ભમો, રંગે રાતો,